# ખેતી નિયામકશ્રીની કચેરી
# કૃષિભવન, ગાંધીનગર.
# તાલીમ અને મુલાકાત શાખા
# પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આપુસ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૮માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ.એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજીપત્રકની ફી રૂ.૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ.૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

## <u>પ્રકરણ-૨ શાખાની વિગતો, કાર્યો અને ફરજો</u>

**યોજનાનું નામ: સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના**

**<u>યોજનાનો મુખ્ય ઉદ્દેશ</u>**

જુદા-જુદા ક્ષેત્રો જેવા કે, શિક્ષણ, સંશોધન, ઔધોગિક, સહકારી ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી બજાવનાર વ્યક્તિનું બહુમાન કરી, સરકાર એવોર્ડ આપે છે. તે જ રીતે કૃષિ ક્ષેત્રમાં ઉત્સાહી અને પ્રગતિશીલ ખેડૂતો કે જેઓ પોતાની આગવી કોઠાસુઝ અને સાહસવૃત્તિથી ખેતીના વિકાસમાં નવીનતા લાવવામાં અને ઉત્પાદનમાં વધારો કરવામાં તેમજ નવીન તક્નીકો રજુ કરવા માટે કાર્ય કરે છે. તેમની આ કૃષિ ઉત્પાદનલક્ષી શોધખોળને પ્રોત્સાહન મળે અને તેમાં વધુ વેગ આવે તે માટે તેમના યોગદાનની કદરરૂપે કૃષિના વિકાસમાં તેમના ફાળાને બિરદાવવા માટે રાજય સરકાર દ્વારા સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના અમલમાં મુક્વામાં આવેલ છે.

- **<u>વિષય – ૧:</u>** ગુજરાતના તમામ મુખ્ય પાકો જેવા કે, ધાન્ય પાકો, તેલીબિયાં પાકો, ક્ઠોળ પાકો, ક્પાસ, શેરડી, તમાકુ, બાગાયતી પાકો, તેમજ તેજાના અને ઔષધીય પાકો પર નવીનતમ પ્રયોગ દ્વારા આગવી કોઠાસુઝથી વિક્સાવેલ વધુ ઉત્પાદન આપતી નવી જાતની સિધ્ધીનું પ્રદાન તેમજ રાજ્યમાં ઉગાડવામાં આવતા પરંપરાગત પાકોની જગ્યાએ આગવી સુઝથી નવીન પાક દાખલ કરી તે પાક્ની સફળ ખેતી દ્વારા વિશિષ્ટ યોગદાન અંગેની સિધ્ધીનું પ્રદાન.
- **<u>વિષય – ૨:</u>** જળ સંચાલન અને વ્યવસ્થા, પિયત પાણીના કરકસરભર્યા અને કાર્યક્ષમ ઉપયોગ દ્વારા આધુનીક પિયત પધ્ધતિ દ્વારા સફળ નમુનારૂપ નિદર્શનરૂપ પાક્ની ખેતી કરી વધુ ઉત્પાદન મેળવેલ સિધ્ધીનું પ્રદાન અને વરસાદના વહી જતા પાણીને રીચાર્જીંગ અને જુદી જુદી પધ્ધતિઓ દ્વારા કુવા/બોરમાં સંગ્રહ કરી કુવા/બોરના તળ ઉંચા લાવવા માટે ખેડૂતોના બહોળા સમુહને પ્રેરણારૂપ બને તેવી અનેરી સિધ્ધીનું પ્રદાન.
- **<u>વિષય – ૩</u>**: વરસાદ આધારિત સુકી ખેતી વિસ્તારમાં સૂકી ખેતી અંગેની આગવી ટેક્નીક વિક્સાવી વરસાદની અછત સમયે સફળ સુકી ખેતી ક્ષેત્રે મેળવેલ સિધ્ધીનું પ્રદાન.
- **<u>વિષય – ૪</u>**: જુદા-જુદા પાકો પર જીવાત નિયંત્રણ માટે પ્રયોગ દ્વારા પોતાની આગવી કોઠાસુઝથી વિક્સાવેલ નવીનતમ સંકલિત જીવાત નિયંત્રણ પધ્ધતિમાં મેળવેલ સિધ્ધીનું પ્રદાન.
- **<u>વિષય – ૫:</u>** ખેતી અંગેની વિવિધ પ્રક્રિયા જેવી કે, ખેડ, વાવણી, રોપણી, આંતર ખેડ, નિંદામણ, સ્પેસીંગ, કાપણી, થ્રેસીંગ કે અન્ય પ્રકારના ખેતી ઉપયોગી નવીન ખેત ઓજારોને આગવી કોઠાસુઝથી વિક્સાવવાની સિધ્ધીનું પ્રદાન.

**યોજનાનો લાભ કોણ લઈ શકે?**

- ➢ આ યોજના હેઠળ ગુજરાત રાજયમાં ખેતી કરતા કોઇપણ ખાતેદાર ખેડૂત પુરૂષ કે મહિલા ખેડૂત ભાગ લઇ શકે છે.

**યોજનામાં મળતા લાભો**

- ➢ આ યોજના હેઠળ દર વર્ષે જુદા-જુદા પાંચ ક્ષેત્રો પૈકી દરેક ક્ષેત્રમાં પ્રથમ આવનાર એક-એક

ખેડુતને રૂ.૫૧૦૦૦/- (અંકે રૂપિયા એકાવન હજાર પુરા) લેખે રોક્ડ પુરસ્કાર, શાલ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવે છે અને આ ઉપરાંત આ યોજનામાં ભાગ લેનાર દરેક ક્ષેત્રમાંથી અન્ય પાંચ-પાંચ ખેડૂતો એટલે કે ત્રીસ ખેડૂતોને સન્માનપત્ર આપી શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવે છે.

- વધુમાં મધમાખી ઉછેર, મરઘા પાલન, મત્સ્યપાલન વગેરે ક્ષેત્રે ખેડૂતે કરેલ વિશિષ્ટ કામગીરી બદલ પ્રોત્સાહન રૂપે શાલ અને સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવે છે.

**યોજનાનો લાભ કેવી રીતે મેળવી શકાય ?**

- પુરસ્કાર મેળવવા ઇચ્છતા ખેડૂત ભાઇ-બહેનોએ નિયત કરેલ ઉમેદવારી પત્રકમાં અરજી કરી સંબધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારી મારફતે ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગરને સામાન્ય રીતે દર વર્ષે ૩૧ મી મે પહેલા મોકલી આપવાની હોય છે.

**કાર્યો અને ફરજો :**

- રાજય સરકાર દ્વારા ચાલતી પ્લાન યોજના છે.
- અધિક ખેતી નિયામક (વિ.) ગાંધીનગર, આ યોજના અંતર્ગત રાજયકક્ષાની સ્થાયી મુલ્યાંકન સમિતીના સભ્ય સચિવ છે.
- નાયબ ખેતી નિયામક (જ.વ.) આ યોજનાની રાજય કક્ષાની તાંત્રિક કામગીરી સંભાળે છે.
- યોજના અંતર્ગત પ્રી-બજેટ નિયત કરી સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવે છે. મંજુર થયેલ જોગવાઇ મુજબ યોજનાકીય કામગીરી માટે ઠરાવ થાય છે.
- મંજુર થયેલ જોગવાઇ યોજનાકીય કામગીરી કરવા જીલ્લા ખેતી અધિકારીશ્રી મારફત રાજયના ખેડુતો પાસેથી અરજીઓ મેળવી રાજયકક્ષાએ મોકલી આપવા જણાવવામાં આવે છે.
- યોજના અંતર્ગત થયેલ ભૌતિક તથા નાણાકીય લક્ષાંકપ્રગતિનું મોનિટરીંગ કરવામાં આવે છે.
- રાજયકક્ષાની સ્થાયી મુલ્યાંકન સમિતી દ્વારા પસંદ થયેલ ખેડુતોને જાહેર સમારંભમાં પુરસ્કાર આપવાની કામગીરી.

## પ્રકરણ-૩ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

| અ.નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧. | માન. ખેતી નિયામકશ્રી | | | | યોજના અમલીકરણ |
| ૨ | અધિક ખેતી નિયામક (વિ.) | | | | |
| ૩. | સંયુક્ત ખેતી નિયામક (એ.સે ) | | | | |
| ૪. | નાયબ ખેતી નિયામક (જ.વ.) | | | | |
| ૫. | મદદનીશ ખેતી નિયામક (કૃ.અ.) | | | | |
| ૬. | ખેતી અધિકારી (જ.વ.) | | | | |

## પ્રકરણ-૪

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્રો

## પ્રકરણ-૫

**નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત**

-----------નથી----------

## પ્રકરણ-૬

**જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનુ પત્રક**

--------નથી----------

## પ્રકરણ-૭

**તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક**

માહિતી શૂન્ય છે.

## પ્રકરણ-૮

**જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો**

- **શ્રી મહેશ બી. પટેલ,**

સંયુક્ત ખેતી નિયામક (એ.સે.)-વ- એપેલેટ ઓથોરીટી
ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૬૪

- શ્રી કે.જે દેસાઈ
  નાયબ ખેતી નિયામક (તાલીમ)ઇ.ચા.-વ-જાહેર માહિતી અધિકારી
  રૂમ નં-.૩૧૪,તાલીમ અને મુલાકાત શાખા,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૬૪

- શ્રી જે.પી.પટેલ
  મદદનીશ ખેતી નિયામક (પા.સં)-વ- મદદનીશ જાહેર માહિતી અધિકારી
  રૂમ નં-.૩૨૬,તાલીમ અને મુલાકાત શાખા,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૬૪

## પ્રકરણ-૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

૩. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તધિકારી ખાતાના વડા છે.

નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

↑

અધિક ખેતી નિયામક (વિસ્તરણ)

↑

સંયુક્ત ખેતી નિયામક

↑

નાયબ ખેતી નિયામક

↑

મદદનીશ ખેતી નિયામક

↑

ખેતી અધિકારી

## પ્રકરણ-૧૦

## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ડી.વી.બારોટ | અધિક ખેતી નિયામક (વિસ્તરણ) |
| ૨ | શ્રી એમ.વી.પટેલ | સંયુક્ત ખેતી નિયામક (એસ.એ.) |
| ૩. | ડો વી.સી.જોષી | નાયબ ખેતી નિયામક (જ.વ.) |
| ૪. | શ્રી જે.ઝેડ કયાડા | મદદનીશ ખેતી નિયામક (કૃ.અ.) |
| ૫. | શ્રી કે.ડી પ્રજાપતિ | ઈ.ચા. ખેતી અધિકારી |

## પ્રકરણ-૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનો હોદો | પગાર |
|---|---|---|
| ૧ | અધિક ખેતી નિયામક (વિસ્તરણ) | ૩૭૪૦૦-૬૭૦૦૦ (૮૯૦૦ ગ્રેડ પે) |
| ૧ | સંયુક્ત ખેતી નિયામક (એ.સે.) | ૧૫૬૦૦-૩૯૧૦૦ (૭૬૦૦ ગ્રેડ પે) |
| ૨. | ના.ખે.નિ (જ.વ. ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ (૬૬૦૦ ગ્રેડ પે) |
| ૩. | મ.ખે.નિ.(કૃ.અ.) | ૯૩૦૦-૩૪૮૦૦ (૫૪૦૦ ગ્રેડ પે) |
| ૪. | ખેતી અધિકારી | ૯૩૦૦-૩૪૮૦૦ (૪૪૦૦ ગ્રેડ પે) |

## પ્રકરણ-૧૨

## શાખાને ફાળવેલ અંદાજપત્ર

| યોજનાનું નામ | બજેટ જોગવાઇ (૨૦૧૯-૨૦) | મંજુર થયેલ પ્લાન |
|---|---|---|
| કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ | ૫.૨૫ લાખ | ૫.૨૫ લાખ |

## પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર

માહિતી શૂન્ય છે.

## પ્રકરણ-૧૩

## સહાયકો કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

## પ્રકરણ-૧૪

## આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૫

## કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

## પ્રકરણ-૧૬

## વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી

## વિજાણુરૂપે ઉપલબ્ધ કરવા પાત્ર વિવિધ યોજનાઓની માહિતી ઇન્ટરનેટ/ખાતાની વેબસાઇટ ઉપર મુકવામાં આવી રહી છે.

## પ્રકરણ-૧૭

## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧. નોટીસ બોર્ડ

૨. પ્રો-એક્ટીવ ડીસ્ક્લોઝર

૩. વિના મૂલ્યે ખેતીવાડી ખાતાની સહાય યોજનાઓની પુસ્તિકા

૪. આઇ ખેડુત પોર્ટલ